### મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલમાં વધુ એક સુવિધાનો ઉમેરો

# SSGHમાં હવે ICCU અને MICUમાં ગંભીર દર્દીઓના એક્સ-રે 'બેડ' પર જ : ગણતરીની સેકન્ડોમાં રિપોર્ટ

**માત્ર** 5થી 10 સેકન્ડમાં હાઈ-રિઝોલ્યુશન ઈમેજ જનરેટ થશે, જે સીધી ડોક્ટરના ટેબલેટ કે કમ્પ્યુટર પર જોઈ શકાશે.



(પ્રતિનિધિ) વડોદરા. તા.3

મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ એવી વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલના ઈતિહાસમાં સુવિધાનું વધુ એક સોપાન ઉમેરાયું છે. હોસ્પિટલના વહીવટી તંત્ર દ્વારા દર્દીઓની પીડાને વાચા આપતા અત્યંત પ્રશંસનીય નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી હોસ્પિટલના ICCU અને MICU માં દાખલ અતિ ગંભીર દર્દીઓને એક્સ-રે માટે વોર્ડની બહાર ધક્કા ખાવા નહીં પડે. હોસ્પિટલ દ્વારા આ બંને સેન્સિટિવ વોર્ડમાં લેટેસ્ટ ટેકનોલોજીથી સજ્જ મોબાઈલ ડિજિટલ એક્સ-રે મશીન કાર્યરત કરાયા છે.

તબીબી વિજ્ઞાનમાં ગંભીર દર્દીઓ માટે 'ગોલ્ડન અવર' (શરૂઆતનો કિંમતી સમય) ખૂબ મહત્વનો હોય છે. અગાઉ જ્યારે કોઈ દર્દી વેન્ટિલેટર પર હોય કે હૃદયની ગંભીર બીમારીથી પીડાતું હોય, ત્યારે તેનો એક્સ-રે પાડવા માટે તેને સ્ટ્રેચર પર સૂવડાવી એક્સ-રે વિભાગ સુધી લઈ જવો પડતો હતો. આ પ્રક્રિયામાં દર્દીનો જીવ જોખમમાં મુકાવાની શક્યતા રહેતી હતી.

નવા ડિજિટલ મશીનો આવવાથી હવે ટેકનિશિયન મશીન લઈને દર્દીના બેડ સુધી પહોંચશે. માત્ર 5 થી 10 સેકન્ડમાં હાઈ-રિઝોલ્યુશન ઈમેજ જનરેટ થશે, જે સીધી ડૉક્ટરના ટેબલેટ કે કમ્પ્યુટર પર જોઈ શકાશે. આનાથી નિદાનમાં થતો વિલંબ દૂર થશે.

આ મશીનો કદમાં નાના અને વજનમાં હલકા હોવાથી તેને વોર્ડના સાંકડા રસ્તાઓ વચ્ચે પણ સરળતાથી ફેરવી શકાય છે. મશીનમાં વાયરલેસ ડિજિટલ ડિટેક્ટર હોવાથી વાયરોની જંજાળ વગર ફોટા પાડી શકાય છે. આ ડિજિટલ મશીન જૂના મશીનોની સરખામણીએ ઓછું રેડિયેશન છોડે છે, જે દર્દી અને આસપાસના સ્ટાફ માટે સલામત છે. શ્વાસની તકલીફ કે ફેફસામાં પાણી ભરાઈ જવા જેવી કટોકટીમાં આ મશીન આશીર્વાદરૂપ સાબિત થશે.

એસ.એસ.જી. હોસ્પિટલમાં માત્ર વડોદરા જ નહીં પણ પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જેવા અંતરિયાળ વિસ્તારોથી ગરીબ દર્દીઓ આવે છે. ખાનગી હોસ્પિટલમાં જે ડિજિટલ એક્સ-રેના હજારો રૂપિયા વસૂલવામાં આવે છે, તે સુવિધા હવે અહીં મફત અથવા નજીવા દરે ઉપલબ્ધ થતા સામાન્ય માણસને આર્થિક અને શારીરિક બંને રીતે મોટી રાહત મળી છે.

### પરિવર્તનના નારા સાથે ઉમેદવારો ચૂંટણી સંગ્રામમાં ઝંપલાવશે

# 'આપ'ની જિલ્લા પંચાયતના 12 ઉમેદવારોની બીજી યાદી જાહેર

(પ્રતિનિધિ) વડોદરા. તા.3

ગુજરાતના રાજકારણમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2026નો પારો હવે આસમાને પહોંચ્યો છે. સત્તાધારી પક્ષ અને વિપક્ષ હજુ સમીકરણો ગોઠવવામાં વ્યસ્ત છે, ત્યારે આમ આદમી પાર્ટી (AAP) એ ભારે રાજકીય સ્ફૂર્તિ બતાવતા જિલ્લા પંચાયત માટેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે. રાષ્ટ્રીય પોલિટિકલ સમિતિ અને ગુજરાત રાજ્ય ચૂંટણી સમિતિની લાંબી બેઠકોના અંતે તૈયાર થયેલી આ યાદી સીધો સંકેત આપે છે કે 'આપ' આ વખતે કોઈ પણ ભોગે 'ગામડાંનું શાસન' બદલવા માટે ધમપછાડા કરી રહી છે.

આ બીજી યાદીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં પાયાના કાર્યકરો અને જમીની સ્તરે લોકપ્રિય હોય તેવા ચહેરાઓને સ્થાન મળ્યું છે. પાર્ટીએ જ્ઞાતિગત સમીકરણોને સાચવવાની સાથે સાથે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને સામાજિક સેવાની પૃષ્ઠભૂમિ પર ખાસ ભાર મૂક્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હાઈકમાન્ડ દ્વારા કરવામાં આવેલા ગુપ્ત સર્વેમાં જે નામો મોખરે હતા, તેમને જ ટિકિટ ફાળવવામાં આવી છે, જેથી જૂથવાદની શક્યતા નહિવત રહે. 'આપ' એ આ જ મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને પોતાની ચૂંટણી રણનીતિ ઘડી છે. બીજી યાદી જાહેર થતાની સાથે જ જિલ્લા પંચાયતોની બેઠકો પર હવે પ્રચારનું જોર વધશે. પાર્ટીના પ્રદેશ નેતૃત્વએ જણાવ્યું હતું કે, "અમે માત્ર ચૂંટણી લડવા નથી માંગતા, પણ વ્યવસ્થા બદલવા માંગીએ છીએ.

| ક્રમ | બેઠક | ઉમેદવાર |
|---|---|---|
| 373 | અનગઢ | ગોહિલ સિદ્ધરાજસિંહ |
| 374 | ભાદરવા | મહિડા વિજયસિંહ દલપતસિંહ |
| 375 | ચોકારી | દિનેશભાઈ પાદિયાર |
| 376 | ડભાસા | લક્ષ્મણભાઈ સન્નાભાઈ સોલંકી |
| 377 | ગણપતપુરા | વિઠ્ઠલભાઈ દેવજીભાઈ નાઈ |
| 378 | કાયાવરોહણ | બ્રહ્મભટ્ટ મહેશકુમાર અંબાલાલ |
| 379 | મુજપુર | પાદિયાર સરોજબેન પુનમભાઈ |
| 380 | શિહોરા | સુરજીતસિંહ બુટ્ટાસિંહ ગિલ |
| 381 | સિમળીયા | સુરેશભાઇ મણીલાલ વસાવા |
| 382 | સોખડા | ગોહિલ કીર્તિબેન અમિતસિંહ |
| 383 | થુવાવી | કલ્પેશભાઇ બાલુભાઇ ઉપાધ્યાય |
| 384 | વડું | પાદિયાર કાંતાબેન નટવરભાઈ |

### ઉદ્યોગો અને વાહનચાલકોને મોટો ફાયદો થશે

# પુનગામ ખાતે 104 કરોડના ખર્ચે એક્સપ્રેસવેના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટની કામગીરીનો પ્રારંભ

**મંત્રી** ઈશ્વરસિંહ પટેલે નિરીક્ષણ કર્યું : નિયમોમાં અપવાદ સાથે મળી મંજૂરી





(પ્રતિનિધિ) ભરૂચ,અંકલેશ્વર, તા. 3

મુંબઈ-દિલ્હી નેશનલ એક્સપ્રેસ-વે પર ભરૂચ જિલ્લાના પુનગામ ગામ નજીક એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ બનાવવાનું કામ તેજ ગતિએ શરૂ થઈ ગયું છે. રાજ્યના જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે આજે સ્થળ પર જઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ અંદાજે 104 કરોડ રૂપિયા થવાનો અંદાજ છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા હાથ ધરવામાં આવેલા આ પ્રોજેક્ટમાં 2 એન્ટ્રી પોઈન્ટ, 2 એક્ઝિટ પોઈન્ટ અને 4 ટોલ પ્લાઝાનો સમાવેશ થાય છે. આગામી 4 મહિનામાં આ સમગ્ર કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

NHAIના સામાન્ય નિયમ મુજબ એક્સપ્રેસ હાઈવે પર બે એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ વચ્ચે ઓછામાં ઓછું 25 કિલોમીટરનું અંતર હોવું જરૂરી છે. ભરૂચના દહેગામ પાસે અગાઉથી જ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ હોવાથી પુનગામ આ નિયમમાં બંધબેસતું ન હતું. જોકે, સ્થાનિક ઉદ્યોગો અને વાહનચાલકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી મંત્રી ઈશ્વરસિંહ પટેલે સરકારમાં રજૂઆત કરી હતી. જેના પરિણામે NHAI દ્વારા વિશેષ કિસ્સામાં દહેગામથી માત્ર 10 કિલોમીટરના અંતરે પુનગામ ખાતે આ પોઈન્ટ મંજૂર કરવામાં આવ્યો છે.

આ નવા એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટથી અનેક પંથકોને સીધો લાભ મળશે. એશિયાની સૌથી મોટી GIDC પૈકીની એક અંકલેશ્વર GIDC અને પાનોલીના ઉદ્યોગો સીધા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડાઈ જશે, જેનાથી માલસામાનની હેરફેર ઝડપી બનશે. તેમજ હાંસોટ, ઓલપાડ અને સુરત તરફ જતા વાહનચાલકોને હવે લાંબો ફેરો ખાવો પડશે નહીં, જેનાથી સમય અને ઈંધણ બંનેની બચત થશે.

નોંધનીય છે કે, અગાઉ પુનગામ પાસે કામચલાઉ ધોરણે માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો, જે કિમ સુધીનો હાઈવે શરૂ થતાં બંધ કરી દેવામાં આવ્યો હતો. હવે આ સુવિધા કાયમી ધોરણે ઉપલબ્ધ થશે.

### ગરનાળા પાસે હાઇવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો

# કણબીપીઠા પાસે કાર અને બાઈક વચ્ચે ટક્કર, ચારનાં મોત

**પોલીસે** ઇકો કાર ચાલક સામે એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી આદરી

(પ્રતિનિધિ) દેડિયાપાડા,તા.3

દેડિયાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગંગાપુર રોડ પર કણપીઠા-ત્રણ રસ્તા પાસે અકસ્માતમાં ચાર જણાંનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે એક કિશોરીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

પોલીસને આપેલી ફરિયાદ મુજબ તા.1/4/2026ના રોજ સાંજે પાંચેક વાગ્યાના અરસામાં કણપીઠા-ત્રણ રસ્તાના ગંગાપુર જતા ગરનાળા પાસે હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાથુભાઇ ગોનજીભાઇ વળવી (રહે.,કુકરમુંડા, જિ.તાપી) ઈકો કાર નં.(GJ-26-AE-6559) રોડની રોંગ સાઈડમાં પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવીને સામેથી આવતી પેસેન્જર પ્રો મોટરસાઈકલને ટક્કર મારી હતી.

અકસ્માતમાં મોટરસાઈકલ પર સવાર હાવલાભાઈ હશિયાભાઈ વસાવા (ઉં.વ.67), બાજુબેન (ઉં.વ.40), દોઢ વર્ષનો માસૂમ બાળક વીર સુનીલભાઈ વસાવા અને સુહાનીબેન રાકેશભાઈ વસાવા (ઉં.વ.15 વર્ષ 5 માસ) ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. આથી હાવલાભાઈ, બાજુબેન અને વીરનાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં.

જ્યારે સુહાનીબેનનું રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ અકસ્માતમાં ઓલગામના સંજયભાઈ હાવલાભાઈ વસાવાએ દેડિયાપાડા પોલીસમાં ફરિયાદ આપતાં ઈકો કાર ચાલક સામે એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી આદરી છે.

### ઉત્તરવાહીની નર્મદા પરિક્રમામાં GPCBની અનોખી પહેલ

# 'મિશન લાઈફ' અંતર્ગત 1.01 ટન કચરો એકત્ર કરી સ્વચ્છતા જાળવાઈ

**સિંગલ** યુઝ પ્લાસ્ટિકથી દૂર રહેવા અપીલ



(પ્રતિનિધિ) વડોદરા તા.3

રામપુરથી તિલકવાડા વચ્ચે દરવર્ષની જેમ આ વર્ષે યોજાયેલી ઉત્તરવાહીની નર્મદા પરિક્રમામાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જી.પી.સી.બી.) દ્વારા 'મિશન લાઈફ' અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ માટે વિશેષ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. 19 માર્ચથી શરૂ થયેલી અને 18 એપ્રિલ સુધી ચાલનારી આ પરિક્રમામાં રોજ હજારો શ્રદ્ધાળુઓ ભાગ લઈ રહ્યા છે.

પરિક્રમા દરમિયાન શ્રદ્ધાળુઓને સ્વચ્છતા જાળવવા, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને નદી તથા આસપાસના વિસ્તારોમાં ગંદકી ન કરવા અંગે શેરી નાટકો, બેનર-હોર્ડિંગ્સ અને ઈકો-ફ્રેન્ડલી રિસ્ટબેન્ડના વિતરણ દ્વારા સંદેશ આપવામાં આવ્યો હતો.

જી.પી.સી.બી. દ્વારા સમગ્ર પરિક્રમા રૂટ પર દર બે કલાકે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરિક્રમા પથની સ્વચ્છતા અને પવિત્રતા જળવાઈ રહે તે માટે આશરે 30 કર્મીઓની ટીમ દ્વારા દૈનિક સરેરાશ 1.01 ટન જેટલો કચરો એકત્રિત કરવામાં આવી રહ્યો છે.

એકત્રિત થયેલા કચરામાંથી રીસાયકલ થઈ શકે તેવા કચરાને અલગ કરીને બાકીના કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવામાં આવે છે. આ પહેલ દ્વારા પરિક્રમા દરમિયાન પર્યાવરણ જાળવણી અને જનજાગૃતિ બંનેને પ્રોત્સાહન મળી રહ્યું છે.

### ગરબાના તાલે ઝૂમ્યા, નાચ્યાં સાથે અદ્દભુત હાસ્ય દરબાર

# સ્ટારમેકર કરાઓકે રંગતરંગ પરિવાર દ્વારા 5મી મેગામીટની ઉજવણી કરાઈ

**સિંગિંગના** કુલ ત્રણ સેશનમાં 120 ગીતોની રમઝટ બોલાવવામાં આવી



(પ્રતિનિધિ) વડોદરા તા.3

સ્ટારમેકર કરાઓકે રંગતરંગના પરિવાર દ્વારા 5મી મેગામીટની ઉજવણી કરવામાં આવી હતી. રંગતરંગ પરિવાર દરેક રંગોની એક આગવી ઓળખ, પ્રતિભા અને વિશેષતા છે. મીટમાં હાજર દરેક સભ્યની એક આગવી ઓળખ પ્રતિભા અને વિશેષતા છે, રંગની સાથે તરંગ મળે એક સુંદર અકલ્પનિય એકબીજા સાથે જોડતી લહેર બને છે. 40 સભ્યો મેગામીટમાં 5મી વખત જોડાયા હતા.

રંગતરંગ પરિવારની મેગામીટમાં જોડાવા પરિવારના સભ્યો વડોદરા ઉપરાંત સુરત, ભાવનગર, અમદાવાદ, મુંબઈ, કચ્છ જેવા શહેરોમાંથી આવ્યા હતાં. કાર્યક્રમની શરૂવાત ગજાનન (ગણપતિ) દાદાની સ્તુતિ પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ હાજર સભ્યો દ્વારા સિંગિંગના કુલ ત્રણ સેશનમાં 120 ગીતોની રમઝટ વરસાવામાં આવી ને ખુબ આનંદ કર્યો. ગરબાના તાલે ઝૂમ્યા, નાચ્યાં સાથે અદ્દભુત હાસ્ય દરબાર, એકપાત્રિય અભિનય, બાલિકાઓ દ્વારા સુંદર નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું. અંતે પરિવારના સભ્યો દ્વારા પરિવાર વિશે પોતાની લાગણીઓ વ્યક્ત કરાઈ. પરિવારના મોભી એવા અપુ દાદા, અતિપ્રિય એવા હનુ દીદી તેમના સાથે કમિટીના બીજા આગેવાનોનો અશ્વિન, ડૉ. રવિ, મનોજ, દિપકે આભાર માન્યો. કાર્યક્રમને સફળતા અપાવવા માટે અથાગ પ્રયત્ન કરનાર આશિષ અને ચિરાગનો સૌએ આભાર વ્યક્ત કર્યો.

# ઋષિકેશના પાવન તટે 'પ્રાર્થના પરિવાર' દ્વારા દિવ્ય સત્સંગ શિબિરનું આયોજન

**આદિ** શંકરાચાર્ય વિરચિત તત્વબોધ આધારિત "સાધન ચતુષ્ટય" વિષય પર ગહન વક્તવ્ય અપાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ઋષિકેશના પવિત્ર અને સુંદર પ્રાકૃતિક તેમજ પૌરાણિક મહાત્મય ધરાવતા માઁ ગંગાના કિનારે આવેલ વાનપ્રસ્થ આશ્રમમાં પ્રાર્થના પરિવાર દ્વારા તા.૨૩ માર્ચ થી ૨૮ માર્ચ સુધી દિવ્ય સત્સંગ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વ્યાસપીઠ પરથી પૂજ્ય આચાર્ય શ્રી હરેશભાઈ જોશી (બાલુંત્રી) દ્વારા "શ્રીમદ ભાગવતનું આધ્યાત્મિક રહસ્ય" વિષય પર ભાવપૂર્ણ આખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું. તેની સાથે જ મહર્ષિ રમણની મૌન સાધનાના વૈશ્વિક પ્રચારક શ્રી મુકેશાનંદજી દ્વારા હાર્ટ ગુરુ મેડિટેશન અને સંવાહક શ્રીમતી રાધિકાબેન મોદી દ્વારા આદિ શંકરાચાર્ય વિરચિત તત્વબોધ આધારિત "સાધન ચતુષ્ટય" વિષય પર ગહન વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ આધ્યાત્મિક મહોત્સવમાં ગુજરાત રાજ્યના વિવિધ ભાગોમાંથી કુલ ૨૬૦ સભ્યોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. જેમાં વડોદરા શાખાના કો-ઓર્ડિનેટર શ્રી અશોકભાઈ શાહ સહિત અનેક સાધકોએ ઉપસ્થિત રહીને આધ્યાત્મિક જ્ઞાનનો વિશેષ લાભ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરમાં આ શાખા દ્વારા દર બે મહિને રેસકોર્સ વિસ્તારમાં નટુભાઈ સર્કલ પાસે આવેલ પેરેમાઉન્ટ હોલ ખાતે સત્સંગ સભાનું નિયમિત આયોજન કરવામાં આવે છે. જે કોઈ વ્યક્તિઓ આ સત્સંગનો લાભ લેવા ઈચ્છતા હોય, તેમણે વડોદરા શાખાના કો-ઓર્ડિનેટર શ્રી અશોકભાઈ વી. શાહનો સંપર્ક તેમના ફોન નંબર ૯૯૨૪૮૨૭૧૮૭ પર કરવા માટે જણાવવામાં આવ્યું છે.

### પરિવાર અને પશુઓ બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી

# લીમખેડાના માંન્લીમાં મકાનમાં ભીષણ આગ લાગતા ઘરવખરી બળીને ખાક



(પ્રતિનિધિ) લીમખેડા તા.3

લીમખેડા તાલુકાના માંન્લી ગામે ગત રાત્રિએ એક મકાનમાં ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં મહેશભાઈ પ્રતાપભાઈ પટેલનું આખું મકાન અને ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે, પરિવારના સભ્યો અને પશુઓનો આબાદ બચાવ થયો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહેશભાઈનો પરિવાર રાત્રિનું ભોજન પતાવીને સૂવાની તૈયારી કરી રહ્યો હતો. રાત્રે લગભગ 10 વાગ્યાની આસપાસ મકાનના એક ભાગમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગતા જ પરિવારના સભ્યોએ સમયસૂચકતા વાપરી તાત્કાલિક મકાનમાંથી બહાર નીકળી ગયા હતા. તેમણે ઘરના આંગણે બાંધેલા પશુઓને પણ સમયસર છોડી દેતા તેમનો જીવ બચી ગયો હતો."


"મહેશભાઈનું મકાન કાચું અને લાકડાનું બનેલું હોવાથી તેમજ રાત્રિના સમયે પવનનું જોર વધુ હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની જ્વાળાઓ એટલી ઊંચી ઉઠી હતી કે દૂરથી પણ સ્પષ્ટ દેખાતી હતી.

ઘટનાની જાણ થતા જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણી વડે આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ દેવગઢ બારિયા ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર ફાઈટરની ટીમ તાત્કાલિક માંન્લી ગામે પહોંચી હતી. ઈમરજન્સી સેવા 108 અને લીમખેડા પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જોકે, ફાયર ટીમ પહોંચે તે પહેલા જ લાકડાનું મકાન સંપૂર્ણપણે બળી ગયું હતું. ફાયર વિભાગે આગને વધુ ફેલાતી અટકાવી તેના પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો. આ અગ્નિકાંડમાં મહેશભાઈ પટેલના મકાનમાં રહેલું અનાજ, જીવનજરૂરી સામાન અને રોકડ રકમ સહિતની તમામ ઘરવખરી બળીને ભસ્મીભૂત થઈ ગઈ છે. કોઈ જાનહાનિ ન થઈ હોવા છતાં, આ આગે પરિવારને મોટું આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. હાલ પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા નુકસાનીનો અંદાજ મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### અમદાવાદની મહિલા ફોટોગ્રાફરના પ્રદર્શનમાં શહેરના ફોટોગ્રાફર્સ પણ જોડાયા

# ફોટોગ્રાફર વૈશાલી જાડાવાલા દ્વારા જેતલપુર રોડ ખાતે ફોટોગ્રાફી પ્રદર્શન









(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેર, જે કલાનગરી તરીકે ઓળખાય છે, ત્યાં સ્થાનિક સાથે સાથે બહારગામના કલાકારો પણ પોતાની કલાનું પ્રદર્શન કરવા માટે આવતા રહે છે. તાજેતરમાં અમદાવાદની ફોટોગ્રાફર વૈશાલી જાડાવાલા દ્વારા જેતલપુર રોડ સ્થિત પીએન ગાડગીલ એક્ઝિબિશન હોલ ખાતે ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડોદરાના કલાકારો પણ જોડાયા હતા.

વૈશાલી જાડાવાલાએ જણાવ્યું હતું કે, હાથમાં કેમેરો આવ્યા બાદ તેમની અંદરની સર્જનાત્મકતા ફરી જીવંત બની. શરૂઆતમાં તેમણે સોશિયલ મીડિયા પર અન્ય લોકોના ફોટા જોઈને પ્રેરણા મેળવી અને મોબાઈલથી ફોટોગ્રાફી શરૂ કરી. બાદમાં કેમેરો ખરીદ્યા પછી ફોટોગ્રાફી સરળ નહીં પરંતુ વધુ પડકારજનક લાગવા લાગી. આ કળા શીખવા માટે તેમણે આદર્શ અમદાવાદ દ્વારા ચલાવવામાં આવતા બેઝિક ફોટોગ્રાફી કોર્સમાં પ્રવેશ લીધો અને વ્રજ મીસ્ત્રી પાસેથી માર્ગદર્શન મેળવ્યું. આગળ વધતા તેઓ નિહારીકા ધ સોસાયટી ઓફ ગુજરાત પિક્ટોરીયાલીસ્ટ અને કેમેરા ક્લબ ઓફ કર્ણાવતી જેવી સંસ્થાઓ સાથે જોડાયા. તેમજ સિદ્ધાર્થ રાઠોડ પાસેથી પણ તાલીમ મેળવી. તેમના આ પ્રયત્નોનું પરિણામરૂપે તેઓએ 6-7 ગ્રુપ પ્રદર્શન કર્યા બાદ હવે પ્રથમ વન-મેન શો યોજવાનો આત્મવિશ્વાસ મેળવ્યો છે.

# જૈન મંદિરના શિખર પર હેલિકોપ્ટરથી થઈ પુષ્પવર્ષા

**સમા-સાવલી** રોડ પર આવેલી સન્મતિ પાર્ક સોસાયટીમાં આકાશી નજારો જોઈ શ્રદ્ધાળુઓ ભાવવિભોર



(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરના સમા-સાવલી રોડ પર આવેલી સન્મતિ પાર્ક સોસાયટીમાં એક અલૌકિક અને ભવ્ય નજારો જોવા મળ્યો હતો. છેલ્લા 12 વર્ષના અથાક પરિશ્રમ બાદ નિર્મિત થયેલા 'શ્રી ગજાનન અજીતનાથ દિગંબર જૈન મંદિર'ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી. આ દ્રશ્ય જોઈને શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા હતા અને સમગ્ર વિસ્તાર 'જય જિનેન્દ્ર'ના નાદથી ગુંજી ઉઠ્યો હતો.


સન્મતિ પાર્ક ખાતે આવેલું આ દિગંબર જૈન મંદિર સંપૂર્ણપણે પથ્થરોમાંથી કંડારીને બનાવવામાં આવ્યું છે. આયોજકોના જણાવ્યા અનુસાર, આ મંદિરનું નિર્માણ કાર્ય 2014માં આચાર્ય શ્રી સુનિલ સાગરજી મહારાજના સાનિધ્યમાં ભૂમિ પૂજન સાથે શરૂ થયું હતું. પથ્થરોની કોતરણી સાથે બનેલું આ ભવ્ય મંદિર આગામી 2000 વર્ષ સુધી અડીખમ રહે તે રીતે મજબૂત બનાવવામાં આવ્યું છે.

મંદિરના પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી 29 માર્ચથી શરૂ થઈ હતી, જે 3 એપ્રિલના રોજ ભવ્ય રીતે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ખાસ હેલિકોપ્ટર મંગાવીને મંદિરના શિખર અને કળશ પર ગુલાબની પાંખડીઓનો વરસાદ કરવામાં આવ્યો હતો. આયોજક રાકેશ જૈને જણાવ્યું હતું કે, "જૈન શાસ્ત્રો મુજબ જ્યારે તીર્થંકર ભગવંતોની પ્રતિષ્ઠા થાય છે ત્યારે દેવલોકમાંથી દેવતાઓ પુષ્પવર્ષા કરે છે.

### લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના પુત્રીને શબ્દાંજલિ અપાઈ

# મણિબેન પટેલની જન્મજયંતીની 'કવિ મિલન' સંસ્થા દ્વારા સાદગીપૂર્ણ ઉજવણી

**ભારતની** આદર્શ પુત્રીના ત્યાગ અને સેવાને કવિઓ દ્વારા બિરદાવાયા



(પ્રતિનિધિ) વડોદરા. તા.3

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની સુપુત્રી મણિબેન પટેલની જન્મજયંતી નિમિત્તે વડોદરાની સાહિત્યિક સંસ્થા 'કવિ મિલન' દ્વારા વિશેષ સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રી પ્રજ્ઞાબેન પરમારે મણિબેનના જીવનના પ્રેરક પ્રસંગોને યાદ કરીને તેમને આધુનિક યુગની આદર્શ પુત્રી તરીકે બિરદાવ્યા હતા.

પ્રજ્ઞાબેન પરમારે જણાવ્યું હતું કે, દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી જેવા ઉચ્ચ હોદ્દા ધરાવતા પિતાની પુત્રી હોવા છતાં મણિબેનનું જીવન અતિ સાદગીપૂર્ણ રહ્યું હતું. તેમની ઓળખ સફેદ ખાદીની સાડી, સાદા વેશભૂષા અને વિનમ્ર વ્યક્તિત્વથી થતી હતી. સ્વભાવથી દૃઢ અને સિદ્ધાંતપ્રિય હોવા છતાં તેઓ પિતાની સેવા માટે સદાય સમર્પિત રહ્યા હતા. તેમણે પોતાનું સમગ્ર જીવન પિતા અને દેશસેવામાં અર્પણ કર્યું હતું.

1921માં સરદાર પટેલે સ્વતંત્રતા આંદોલન માટે વૈભવનો ત્યાગ કર્યો ત્યારે મણિબેને પણ તે જ માર્ગ અપનાવ્યો હતો. 1923થી તેમણે જાતે રેંટિયો કાંતી ખાદી બનાવવાની શરૂઆત કરી હતી. સરદાર પટેલ પોતે પણ મણિબેન દ્વારા બનાવાયેલા ખાદીના વસ્ત્રો જ પહેરવાનું પસંદ કરતા હતા. 1930માં યરવડા જેલ દરમિયાન સરદારે પત્ર દ્વારા મણિબેનને જનજાગૃતિની જવાબદારી સોંપી હતી, જેને તેમણે નિષ્ઠાપૂર્વક નિભાવી હતી.

આધુનિક સમયમાં 'કવિ મિલન' સંસ્થાના કવિમિત્રોએ સોશિયલ મીડિયા મારફતે કવિતાઓ અને શબ્દો દ્વારા મણિબેનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમના ત્યાગ, સમર્પણ અને પિતૃભક્તિના ગુણોને કવિઓએ કલમ દ્વારા ઉજાગર કર્યા હતા. અંત સુધી દેશસેવામાં અડગ રહેનાર આ વીર પુત્રીને વડોદરાના સાહિત્ય જગતે ભાવપૂર્વક વંદન કર્યું હતું.